## ખેતી સાથે સો પશુનું ઉતમ સંચાલન કરતા શ્રી પ્રવિણસિંહ વાળા

- ૨૦ થી ૨૨ હોલ્સ્ટીન ફિઝીયન ગાયોને માફક આવ્યું કોડીનારનું વાતાવરણ
- સંકલિત ખેતીનું ઉદાહરણ રૂપ કાર્ય કરતા શ્રી પ્રવિણસિંહ વાળા

આજની ખેતીમાં ખેડૂતે જાતે ખેતીકામમાં જોડાવું પડે તેવું નથી. ખેડૂતોમાં જો ઉત્તમ વ્યવસ્થાપન કલા હોય તો પણ તે ઉત્તમ ખેતી કરી શકે છે. બગલાની પાંખ જેવા સફેદ કપડા પહેરેલા કે જીન્સનું પેન્ટ પહેરેલા હોય, તેઓ પણ આદર્શ ખેતી કરી શકે છે. આવા એક યુવાન કૃષિકાર છે કોડીનાર તાલુકાના કડોદ્રા ગામનાં શ્રી પ્રવિણસિંહ પ્રતાપસિંહ વાળા. રાજકોટની રાજકુમાર કોલેજમાં ભણેલા અને ફાંકડું અંગ્રેજી બોલતા શ્રી પ્રવિણસિંહે ધાર્યુ હોત તો સરકારી કે અર્ધ સરકારી ખાતામાં ચાવીરૂપ હોદ્દા ઉપર તેમણે નોકરી મેળવી હોત. પરંતુ તેમણે મળેલ વારસાને વધુ ઉજળો બનાવવાનું પસંદ કર્યુ. તેમના દાદા રામસિંહભાઈ વાળા કોડીનારની બિલેશ્વર ખાંડ ફેકટરીનાં સ્થાપક હતા, તો વળી પિતાશ્રી પ્રગતિશીલ ખેડૂત હતા કે જેમને કૃષિના અનેક સન્માનો પ્રાપ્ત થયેલા છે. આવા પ્રગતિશીલ કૃષિકારનાં પુત્ર શ્રી પ્રવિણસિંહ વારસામાં મળેલી ખેતીને નવી દિશા તરફ લઈ ગયા.

શ્રી પ્રવિણસિંહ પાસે ૨૦૦ વિઘા જમીન છે. બધી જ જમીનમાં પિયત થઈ શકે તેવી સવલત છે. કુલ બારેક જેટલા કૂવા છે. જે દરિયાથી દૂર છે તેમાં સોએક ફૂટે પાણી છે, જ્યારે દરિયાકાંઠાથી નજીક છે તેવાં કૂવામાં પચાસેક ફૂટે પાણી છે. તેઓ કહે છે કે ચોમાસામાં અમે પચાસેક વિઘામાં શેરડી વાવીયે છીએ. જેમાં કો. ૬૭૧ તથા કો. ૮૬૦૩૨ જાત મુખ્ય છે. તેઓ જણાવે છે કે બંને જાતનું સરેરાશ વિઘે ૩૦ ટન ઉત્પાદન મળે છે. જે હેકટરે ૧૨૦ ટન થાય, જે સરેરાશ ઉત્પાદન કરતા પણ બમણું છે. તેઓ તેમની બધી શેરડી કોડીનાર ખાંડ ફેકટરીમાં આપી દે છે.

શેરડી ઉપરાંત ૧૦૦ થી ૧૨૫ વિઘામાં શ્રી પ્રવિણસિંહ જી.જી. ૨૦ જાતની મગફળી વાવે છે. તેઓ કહે છે કે વર્ષ સારું હોય તો મગફળી વિઘે અઢી ખાંડી થાય છે અને મધ્યમ હોય તો ૩૫ થી ૪૦ મણ થાય છે. તેઓ મગફળીનું ગ્રેડીંગ કરે છે અને મોટાભાગની મગફળી બિયારણ તરીકે વેચે છે. તેમની મગફળી ગુણવ ત્તાવાળી હોઈ આસપાસનાં ખેડૂતો બીજ તરીકે તે લઈ જાય છે. વળી, બીજ રીપ્લેશમેન્ટની ભલામણ પણ વૈજ્ઞાનિકોએ કરેલી છે તેથી તે હેતુ પણ સચવાઈ રહે છે. ચોમાસામાં તેઓ પાંચેક વિઘામાં બાજરો વાવે છે. બાજરાનું વાવેતર પ્રમાણમાં ઘટયુ છે, પરંતુ કોડીનાર વિસ્તારમાં આજે પણ સારા એવા વિસ્તારમાં બાજરો વવાય છે. તેઓ વિઘે બે થી અઢી ખાંડી બાજરો પકવે છે. તે ઉપરાંત દસેક વિઘામાં બીટી કપાસ વાવે છે. કપાસનું પણ તેમને વિઘે ૫૦ થી ૬૦ મણનું ઉત્પાદન મળે છે. તેઓ દસેક વિઘામાં ઢોર માટે લીલો ચારો કરે છે.

શિયાળામાં પાંત્રિસેક વિઘામાં શ્રી પ્રવિણસિંહ જી.ડબલ્યુ. ૪૯૬ જાતનાં ઘઉં વાવે છે. આ ઘઉંનું તેમને વિઘે અઢી ખાંડીનું ઉત્પાદન મળે છે. તેઓ બધા ઘઉં હાર્વેસ્ટરથી કઢાવે છે. પરંતુ તેની ગુણવત્તા સારી

હોવાથી ઘઉં ઘરેથી જ બધા લઈ જાય છે. ગત વર્ષે તેમનાં ઘઉં સરેરાશ રૂા. ૨૬૦/–નાં મણનાં ભાવે વેચાયા હતા. રવિ ઋતુમાં ૧૨ થી ૧૩ વિઘામાં તેઓ તલ ગુ. ૨ તથા ગુ. ૩ વાવે છે. તેનો સરેરાશ ૧૫ થી ૧૭ મણનો ઉતારો મળે છે. તેમનાં તલ મણનાં રૂા. ૧૨૦૦/–નાં ભાવે વેચાયેલા. તેઓએ ગુજરાત–૩નો બિયારણ પ્લોટ પણ લીધેલ. ઉનાળામાં તેઓ કશો પાક લેતા નથી. પશુ માટે જૂવાર વાવે છે.

મિત્રો, આ તો થઈ ખેતીની વાત. પરંતુ શ્રી પ્રવિણસિંહની પશુપાલનની પ્રવિણતાની વાત તો હવે કરવાની છે. તેમની પાસે લગભગ સોએક ગાય–ભેંસ છે. તેમાંથી ૨૦ થી ૨૨ હોલ્સ્ટીન ફ્રીઝીયન છે, જયારે એટલી જ ગીર ગાય છે. તેઓ ૪૫ થી ૫૦ જેટલી જાફરાબાદી ભેંસ પણ રાખે છે. તેમની એક ભેંસનું સરેરાશ રોજનું ૧૧ થી ૧૨ લીટર દૂધનું ઉત્પાદન મળે છે. જયારે એક ગીર ગાય સરેરાશ સાતેક લીટર દૂધ આપે છે. હોલ્સ્ટીન ફ્રીઝીયન તેમને રોજનું દસેક લીટર દૂધ આપે છે. આમ એક ખૂબ સારા તબેલાનું તેઓ સંચાલન કરે છે. તેઓ બધુ જ દૂધ ડેરીને આપી દે છે. તેઓ છાણમાંથી ખાતર જાતે જ બનાવે છે, દર ત્રીજા વર્ષે જમીનને પૂરતુ છાણિયું ખાતર આપે છે. ખાતર બનાવવા માટે ત્રણ ખાડા બનાવેલ છે. તે ભરાતા લગભગ ત્રણ માસ થાય છે. ૨૫×૪૦ ફૂટનાં એક એવા ત્રણ ખાડામાંથી તેઓ સોના જેવું કિમતી દેશી ખાતર તૈયાર કરે છે. આમ છતાં જરૂર પડયે બહારથી ઓર્ગેનિક ખાતર ખરીદે છે. તેઓ તેમની ગાય અને ભેંસની ઓલાદની ગુણવત્તા અને તેનું યોગ્ય સંવર્ધન થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. થોડાં સમય પહેલાં જ તેમણે રૂા. ૩૫,૦૦૦/–ની કિંમત ચૂકવી જાતવાન પાડો ખરીદ્યો. આ કિંમત તેમણે તેની વંશાવલી જોઈને ચૂકવી.

શ્રી પ્રવિણસિંહ કહે છે કે દેશી ખાતર થતું હોવા છતાં જરૂર પૂરતુ રાસાયણિક ખાતર નાખું છું. રોગ– જીવાત આવે તો પાક સંરક્ષણ દવા પણ છાંટુ છું. પરંતુ સારૂં ઉત્પાદન લેવા પ્રયત્ન કરૂં છું. ઉત્પાદનના આંકડા વધુ દેખાય તેની સ્પષ્ટતા કરતા તેઓ કહે છે કે અમારાં વિસ્તારમાં આજે પણ ૨૪ ગુંઠાનો વિઘો ગણાય છે. ખેતીનું ઉત્તમ વ્યવસ્થાપન કરનારા શ્રી પ્રવિણસિંહ ખેતી અને પશુપાલનની અદ્યતન જાણકારી મેળવવા વિવિધ કાર્યક્રમોમાં જાય છે. આમ, તેમની ખેતીને વૈજ્ઞાનિક ટચ આપતા રહે છે. આમ તેઓએ સંકલીત ખેતીનો અભિગમ અપનાવી ઉદાહરણ રૂપ કાર્ય કરેલ છે.